જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૦/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૧૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૩૮૪ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૬ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૧૭૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૧૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૨૦/૨૦૨૫**

ક્રાઈમ બ્રાન્ચઃ મહેશકુમાર પવનકુમાર અગ્રવાલ (ઉ.વ.૩૮) (રહે. કલાઉડ–૯ ઝાંસીની રાણીના સ્ટેચ્યુ પાસે નહેરૂનગર સેટેલાઈટ) એ તા.૦૮/૧૦/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૫/૨૦૨૩ થી તા.૨૩/૦૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન રાયપુર ન્યુ ક્લોથ માર્કેટ ખાતે મહેશકુમાર અગ્રવાલની દુકાન ખાતેથી આરોપી “રાધાકિશન એપરલ્સ”ના માલીક દિપકભાઇ ભરતકુમાર ચાવલા (રે. દુકાન નં.૨૧૯ બીજો માળ કર્ણાવતી ગાર્મેન્ટ મોલ ઓલ્ડ મધુરમ સિનેમા ઘી કાંટા, રહે. રૂશ્વનીપાર્ક સોસાયટી શિવમંદિર સામે નોબલનગર સરદારનગર) નાઓએ ઉધારીમાં જથ્થાબંધ શુર્ટીંગ કાપડ ખરીદ કરી બાકી નિકળતા રૂપિયા ૭૭,૭૫,૭૯૫/– નહી ચુકવી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા ન્યુ ક્લોથ માર્કેટ વિંગ પો.ઈ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૪૨૧/૨૦૨૫**

સેટેલાઈટઃ કાનન ઘનંજયભાઈ દેસાઈ (રહે. આસ્થા એમરલ્ડ નિલકંઠ મહાદેવ પાસે ઘાટલોડીયા) એ તા.૦૮/૧૦/૨૦૨૫ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૯/૨૦૨૫ રાતના ૧૧/૦૦ થી તા.૦૬/૦૯/૨૦૨૫ કલાક ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઈટ કેન્યુગ ચાર રસ્તા પાસે કેવલ પબ્લીક પાર્ક ગાર્ડનની અંદર “મા બહુચર એન્ટર પ્રાઈઝ” અમુલ પાર્લરની પાછળ ફીટ કરેલ એક્ઝેસ ફેનની બારી તોડી અજાણી વ્યક્તિ પાર્લરમાં પ્રવેશ કરી અમુલ ઘી ત્રણ બોક્ષ કિમત રૂપિયા ૧૮,૦૦૦/– અને કેશ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૬૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૮૩,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કનૈયાલાલ કુબેરભાઇ ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર ચાદી નં.૧૪૨૨/૨૦૨૫**

મણીનગરઃ શ્વેતા વા/ઓ કલ્પેશભાઇ ઠક્કર (ઉ.વ.૪૪) (રહે. સુદામા સદન પુનિત પાર્ક સોસાયટી પુનિતા આશ્રમ પાછળ મણીનગર) તા.૦૮/૧૦/૨૦૨૫ સવારના ૮/૧૦ વાગ્યાના સુમારે મણીનગર જીરાફ સર્કલથી પુનિત આશ્રમ રોડ વકીલવાડી સાકાર હારમની ફ્લેટ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શ્વેતા ઠક્કરના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શ્વેતા ઠક્કર એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૨૩/૨૦૨૫**

સરખેજઃ સરખેજ આંબલી બાઉન્સઅપ ગેમ ઝોન પાછળ વેસ્ટ લેન્ડ નામની નવી બનતી સાઇટ ખાતે લેબર કોલોનીમાં રહેતા અને ત્યાં જ કામ કરતા ભલાભાઇ કાન્તુભાઇ ભટી (ઉ.વ.૨૦) (મુળ વતન. ગામ–નાના પાટલા તા–જાલોદ જી–દાહોદ) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૫ કલાક ૭/૩૦ વાગ્યા પહેલા સાઇટ ખાતે બીજા માળે લોખંડની પાલખ સાથે કાપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ વખતસિંહ ચલાવે છે.

શાહીબાગઃ શાહીબાગ ઓસવાલ ભવન કન્ટ્રકશન સાઇટ ખાતે મજુરી કામ કરવા આવેલ દેવેન્દ્ર ગુલાબચંદ રાજભર (ઉ.વ.૩૯) (રહે. નસીરાબાદકલા જી.મઉ નસીરાબાદ કલા, ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૫ કલાક ૧૧/૩૦ વાગ્યા પહેલા સાઇટના પહેલા માળે બાલ્કનીમાં સ્કવેર ફોલ્ડીંગની લોખંડની એંગલ સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પુ.મ.સ.ઇ.શ્રી રિંકલબહેન રાજેશભાઇ ચલાવે છે.

અમરાઈવાડીઃ સંદિપ ઉર્ફે જીતુ સંતોષભાઈ સુર્યવંશી (ઉ.વ.૩૮) (રહે. ભગવતીનગર અબિંકા રોડ અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૫ બપોરના ૪/૩૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

મણીનગરઃ હાર્દિક ભરતભાઈ મારવાડી (ઉ.વ.૨૫) (રહે. રબારીવાસ જુના ઢોર બજાર કાંકરીયા) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી